COPY

**THE GANDHIDHAM CHAMBER OF COMMERCE & INDUSTRY**

(ESTD. 1953)
"CHAMBER BHAVAN", Plot No. 71, Sector 8, Post Box No. 58,
**GANDHIDHAM** - Kachchh - 370 201.
**Phone :** +91-02836-220977, 220735 • **Mobile :** 99250 37814 • **Fax :** 220888
**e-mail :** info@gccikandla.com • **Website :** www.gccikandla.com

No. GCCI / ૫૫૯ તા:૦૬.૦૧.૨૦૧૮

| | |
|---|---|
| શ્રી વિજયભાઈ રૂપાણી,<br>મુખ્યમંત્રીશ્રી તથા<br>મંત્રીશ્રી ઉદ્યોગ મંત્રાલય,<br>સર્વણિમં સંકુલ – ૧, ૩જે માળે, નવા સચિવાલય,<br>સેક્ટર – ૧૦, ગાંધીનગર – ૩૮૨ ૦૧૦ | શ્રી સૌરભભાઈ પટેલ,<br>માનનિય મંત્રીશ્રી –<br>ઊર્જા મંત્રાલય, સર્વણિમ સંકુલ – ૧,<br>નવા સચિવાલય, સેક્ટર – ૧૦, ગાંધીનગર |

વિષય: ગુજરાતમાં ઇલેક્ટ્રીક વ્હિકલ્સ ઇન્ડસ્ટ્રીઝનાં વિકાસ માટે નિતી

માનનિયશ્રી,

સવિનય જણાવવાનું કે ગુજરાત રાજ્યમાં ઇલેટ્રીક વ્હિકલ ઇન્ડસ્ટ્રીઝના વિકાસ માટે સરકારે "An Electric Mobility Policy" બનાવી તેનો ત્વરીત અમલ કરવો જોઇએ. ગુજરાતમાં લગભગ ૯ [નવ] મહિના દરમ્યાન સૂર્ય ઉર્જા પણ ઉપયોગ માટે ઉપલબ્ધ હોય છે તેથી તેને પણ ઇલેક્ટ્રીક વ્હિકલ્સ ઇન્ડસ્ટ્રીઝની પોલીસી અંતર્ગત સાંકળી લેવી જોઇએ. આ પોલિસીના અમલ માટે આંધ્રપ્રદેશે જે અભિગમ આપનાવેલ છે તે ખરેખર ઉદાહરણીય છે. અમારા મતે આ પોલીસી હેઠળ ઉદ્યોગકારો અને વપરાશકારોને નીચે જણાવેલ પ્રોત્સાહનો આપવા જોઇએ.

a) ઓટો ઇન્ડસ્ટ્રીઝ અને ચાર્જીંગ ઇક્વિપમેન્ટ મેન્યુફેકચરરને કેપીટલ સબસીડી.
b) ઝડપી સરકારી પરવાનગી.
c) જમીન અને વિદ્યુત પુરવઠા માટે રાહતો દરો.
d) SGSTનું સંપૂર્ણ રીફંડ
e) બેટરી ઉત્પાદકોને વિશેષ પ્રોત્સહન અને સગવડતઓ.
f) ઇલેક્ટ્રીક વાહનો માટે રજીસ્ટ્રેશન અને રોડ ટેક્ષ માંથી મુક્તિ.
g) ત્રણ પૈડાંનાં ઇલેક્ટ્રીક વાહનો માટે લાયસન્સ આપવાની સતા અને સગવડતા ઇલેક્ટ્રીક વાહનોનાં વેંચાણ કરતી કંપનીઓને આપવી.
h) ઇલેક્ટ્રીક દ્વિ-ચક્રી વાહનોની ખરીદી માટે સ્ત્રીઓ અને આર્થિક રીતે પછાત લોક સમુદાય માટે વિશેષ પ્રમોશનલ સ્કિમ.
i) "પ્લગ એન્ડ પ્લે" માળખાંકિય સુવિધા સાથે "ઇલેક્ટ્રીક વ્હિકલ્સ પાર્ક"ની સ્થાપના કરી ઝડપી ઉત્પાદન શરૂ કરાવવું.
j) ગુજરાતનાં સમસ્ત વિદ્યાર્થીઓ માટે ઇલેક્ટ્રીક દ્વિ-ચક્રી વાહનોની ખરીદી માટે લગભગ રૂ.૧૦ હજારની સબસીડી.

આ ઉપરાંત આ પોલિસીના અમલ માટે આંધ્રપ્રદેશે જે ઉદાહરણિય અભિગમ આપનાવેલ છે તેને પણ ધ્યાનમાં લેવો જોઇએ.

આમોને આશા છે કે ઉપરોક્ત જણાવેલ સૂચનોને ધ્યાનમાં લઈ ત્વરીત નિતીવિષયક નિર્ણય લેવામાં આવશે એજ અપેક્ષા સહ.

આભાર...

આપનો વિશ્વાસુ,

B.B.

બાબુભાઈ બી. હુંબલ
પ્રમુખ

નકલ રવાના: ૧) શ્રી વાસણભાઈ આહિર, મંત્રીશ્રી સામાજીક શૈક્ષણિક પછાત વર્ગોનું કલ્યાણ, ગાંધીનગર
૨) શ્રીમતી માલતીબેન મહેશ્વરી, ધારાસભ્યશ્રી, ગાંધીધામ મત વિસ્તાર